ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

Shubh DHANTERAS

સાધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 193, Dt.29-10-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# એક વર્ષમાં સોના-ચાંદીએ કર્યા માલામાલ

## ગત ધનતેરસ થી આ ધનતેરસ દરમિયાન સોનાના ૨૩ ટકા કરતાં ચાંદીએ વધુ ૩૦ ટકા રિટર્ન આપ્યું, જયારે નિફટીએ ૨૦ ટકા વળતર આપ્યું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ચાલુ વર્ષે ૨૧ ઓક્ટોબર સુધી (ધનતેરસથી ધનતેરસ સુધી) રોકાણકારોને ચાંદીએ માલામાલ કર્યા છે. સોનાના ૨૩ ટકા કરતાં ચાંદીએ વધુ ૩૦ ટકા રિટર્ન આપ્યું છે, જયારે નિફટીએ ૨૦ ટકા વળતર આપ્યું છે.

આ વર્ષના નવ મહિનામાં સેન્સેક્સે ૧૮ ટકા રિટર્ન આપ્યું હતું, જે સોના કરતાં ઓછું વળતર છે. જોકે નિફટીએ જબરદસ્ત રિટર્ન આપ્યું છે. નિફટી બેન્કે આ વર્ષે ૧૧.૬૦ ટકા વળતર આપ્યું છે. જોકે નિફટી૫૦એ ચાલુ વર્ષે ૨૦ ટકા વળતર આપ્યું છે.

મૂડીરોકાણ માટે મોટા ભાગના લોકો સોનાને વિશ્વાસપાત્ર એસેટ માને છે, કેમ કે સંકટ સમયે એનો સરળતાથી ઉપયોગ થઈ શકે છે. સોનું પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૭૫,૦૦૦ને પાર થઈ ચૂક્યું છે. આ વર્ષના ૧૦ મહિનામાં સોનાએ આશરે ૨૦ ટકા કરતાં વધુ વળતર આપ્યું છે.

મધ્ય-પૂર્વમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના ચાલતા સંઘર્ષ, ફેડ રિઝર્વે ધિરાણ નીતિ હળવી કરતાં અને ભવિષ્યમાં આપેલા વ્યાજકાપના સંકેતોને ધ્યાનમાં રાખતાં બજાર નિષ્ણાતો સોનામાં મૂડીરોકાણને પ્રાધાન્યા આપી રહ્યા છે. વધારામાં મધ્યસ્થ બેન્કો, ઊભરતાં માર્કેટ્સે જે રીતે સોનાના રિઝર્વમાં વધારો કર્યો છે, એ જોતાં સોનામાં મૂડીરોકાણને સુરક્ષિત માની રહ્યા છે.

બીજી બાજુ, અમેરિકી ફેડના વ્યાજકાપ પછી સેન્સેકસ ૮૫,૦૦૦નો આંકડો પાર કરી ચૂક્યો છે. વિદેશી રોકાણકારો ફરી એક વાર મૂડીરોકાણ કરી રહ્યા છે. બજારના નિષ્ણાતોના જણાવ્યા મુજબ ડિસેમ્બર સુધી સેન્સેક્સ એક લાખના જાદુઈ આંકડાને પાર થવાની સંભાવના છે. આજે (૨૯ ઓક્ટોબર) ધનતેરસના દિવસે સોનું ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (ઈંઈઉંઅ)ના ડેટા મુજબ, ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂપિયા ૬૦૧ વધીને રૂપિયા ૭૮,૮૪૬ થયો છે. અગાઉ સોનું ૭૮,૨૪૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું.

તેમજ, ચાંદીની કિંમત પણ ૧,૧૫૨ રૂપિયા વધીને ૯૭,૨૩૮ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. અગાઉ ચાંદીનો ભાવ રૂ.૯૬,૦૮૬ હતો. તેમજ, આ મહિને ૨૩ ઓક્ટોબરે ચાંદીએ રૂ. ૯૯,૧૫૧ની ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયું હતું. ધનતેરસના રોજ માતા લક્ષ્મીની પૂજા કરી, સુખ-સમળદ્ધિની કામના કરશે. તેમજ જૂના સિક્કાઓ, સોના-ચાંદીના દાગીનાનું પૂજન કરશે. જ્યારે




ખેડૂતો ખેતીના ઓજારો, બળદ, ટ્રેક્ટર સહિતનાનું પૂજન કરશે. ધનતેરસના દિવસે સોનું ખરીદવાનું અનેરૂ મહત્વ હોવાથી સોનીની દુકાનોમાં ગ્રાહકોની ભીડ જામશે તેવી વેપારીઓમાં આશા સેવાઈ રહી છે. ઘરની બહાર રંગોળી અને દીવડાઓથી સજાવટ કરવાનું શરૂ કરાયું છે. ત્યારે ધનતેરસના રોજ લોકો લક્ષ્મીજીની પૂજા કરી ધન સંપત્તિમાં વધારો થાય અને સુખ-સમળદ્ધિ આવે તેવી માતા લક્ષ્મીને પ્રાર્થના કરતા હોય છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકો ધનતેરસના દિવસે વર્ષો જૂના સંગ્રહ કરેલા રાજા-મહારાજાના સમયના જૂના સિક્કાઓને લક્ષ્મીજીના શરણે મૂકે છે. તેમજ આ ધનમાં દર વર્ષે નવો સિક્કો ઉમેરવાનો રિવાજ છે. બાદમાં માતાજીને કમળનું ફૂલ અર્પણ કરવામાં આવે છે.

લક્ષ્મી પૂજનના દિવસે કમળનું મહત્વ અનેરૂ હોવાથી તેના ભાવમાં વધારો જોવા મળે છે. ધનતેરસના દિવસે ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો ખેતીના ઓજારો, ટ્રેક્ટર અને બળદને કંકુ-તિલક કરી પૂજા કરે છે. તેમજ વેપારીઓ દ્વારા નવા વર્ષના ચોપડાનું પૂજન કરવામાં આવે છે. ધનતેરસના દિવસે કોઈ પાસેથી ઉધાર પૈસા લેવાથી લોકો દૂર રહે છે. તેમજ ધનતેસરનો દિવસ શુભ હોવાથી લોકો યથાશક્તિ સોના-ચાંદીની ખરીદી કરતા હોય છે. પરિણામે સોનીની દુકાનોમાં ભીડ જામતી હોય છે.

## આગામી ૧ નવેમ્બરથી બદલાશે ૬ મોટા નિયમો: LPGથી ક્રેડિટ કાર્ડ સુધીની સીધી અસર ખિસ્સા પર પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નવેમ્બર મહિનો શરૂ થવાનો છે. દર મહિનાની જેમ આમાં પણ ઘણા મોટા ફેરફારો થવાના છે. ૧લી નવેમ્બરથી બદલાતા નિયમોનો સીધો સામાન્ય માણસના ખિસ્સા પર ફટકો પડશે. કોઈપણ તારીખે LPG સિલિન્ડર (LPG સિલિન્ડરની કિંમત) ની કિંમતોમાં ફેરફાર થાય છે. આ સાથે નવેમ્બરમાં ક્રેડિટ કાર્ડના નિયમો પણ બદલાઈ રહ્યા છે. ચાલો જાણીએ આ મહિનામાં કયા નિયમો બદલાઈ રહ્યા છે. .

પેટ્રોલિયમ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરે છે. એવું માનવામાં આવે છે કે ૧ નવેમ્બરે સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર થઈ શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે

દર મહિનાની પહેલી તારીખે, એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફારની સાથે, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પણ CNG-PNG અને એર ટર્બાઈન ઈંધણ (ATF)ના ભાવમાં સુધારો કરે છે. છેલ્લા કેટલાક મહિનામાં ઉડ્ડયન ઈંધણના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ વખતે પણ ઓછા ભાવને કારણે તહેવારોની ભેટ મળી શકે છે. પહેલી નવેમ્બરે દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (જઈંઈ) પોતાના ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફાર કરવા જઈ રહી છે. યુટિલિટી બિલની ચૂકવણી અને ફાઈનાન્સ ચાર્જિસ ક્રેડિટ કાર્ડ સાથે સંકળાયેલા છે. ૧ નવેમ્બરથી, અસુરક્ષિત SBI ક્રેડિટ કાર્ડ્સ પર દર મહિને ૩.૭૫ રૂપિયાનો




ફાયનાન્સ ચાર્જ ચૂકવવો પડશે. તે જ સમયે, વીજળી, પાણી, એલપીજી ગેસ અને અન્ય ઉપયોગિતા સેવાઓ માટે ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની ચુકવણી પર ૧ ટકા વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે. ઈનસાઈડર ટ્રેડિંગ અટકાવવા અને મ્યુચ્યુઅલ ફંડ્સમાં પારદર્શિતા વધારવા માટે સેબીએ નવા નિયમો લાગુ કરવાનો નિર્ણય લીધો છે, જે ૧ નવેમ્બરથી લાગુ થશે. આ નવા નિયમો હેઠળ, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (AMCs) ના કર્મચારીઓ, તેમના નોમિની અને નજીકના સંબંધીઓ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ એકમોમાં રૂ. ૧૫ લાખથી વધુના કોઈપણ વ્યવહારની જાણ કંપનીના અનુપાલન અધિકારીને કરવાની રહેશે.

## અમેરિકામાં પ્રમુખપદ ચુંટણીમાં નખાયેલા હજારો મતપત્રકોને આગ લગાડાઇ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

વોશિંગ્ટનઃ અમેરિકામાં અત્યંત રસાકસી ભણી બની રહેનાર પ્રમુખપદની ચુંટણીના તા.૫ નવેમ્બરના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને આ દેશની અર્લી વોટીંગ સીસ્ટમ- વહેલા મતદાન કરી શકવાની સુવિધામાં લાખો અમેરિકનો મતદાન કરી રહ્યા છે તે સમયે આદેશના ઓરેગોન અને વોશિંગ્ટન વિસ્તારના હજારો મતપેટીઓને રહસ્યમય આગ લાગી હોવાનું પોલીસે જાહેર કર્યુ છે.

જેના કારણે મતપત્રકો પણ સળગી ગયા છે અને આ માટે એક શંકાસ્પદ વાહન દ્વારા આગ લાગી શકે તેવા સાધન મારફત આ આગ લગાવાઈ હોવાનું ખુલ્યુ છે. અમેરિકાના પોર્ટલેન્ડ, ઓરેગોન સહિતના ક્ષેત્રમાં આ અંગે તપાસ છે.

જેમાં એક દ્રશ્યો વોલ્વો વાહન મારફત આ આગ લગાવાઈ હોવાનું ખુલ્યું છે અને વોશિંગ્ટન એ વેનકુવર નજીક પણ એક ડ્રોપબોકસમાં આ રીતે આગ લગાવાઈ હતી જેના કારણે સેકડો મતપત્રકો સળગી ગયા હતા. આ બોકસની બહાર આગ લગાડતા સાધનો લગાડાયેલા હતા.

પોર્ટલેન્ડના પોલીસ અધિકારીએ એક પ્રેસ કોન્ફરન્સમાં આ આગ લગાડનારા સાધનની તપાસમાં ખુલ્યુ છે કે તે બેલેટ બોકસને સળગાવી શકે છે. વેનકુવરમાં પણ આ જ રીતે બેલેટ બોકસ સાથે સાધનો લગાવાયા હતા.

અમેરિકી મીડીયાએ આ પ્રકારની હરકતને લોકશાહી પર અલગ પ્રકારનો




હુમલો ગણાવ્યો હતો. અહી અલી વોટીંગ માટે શોપીંગ મોલ કે તેવા જાહેર સ્થળો પર બેલેટ ડ્રોપ બોકસ મુકાયા છે જેમાં લોકો આવી મતદાન કરી શકે છે. આ ડ્રોપ બોકસની સુરક્ષા વ્યવસ્થા સામે હવે પ્રશ્ન ઉઠયા છે. હવે ડ્રોપ બોકસ આસપાસ પેટ્રોલીંગ વધારી દેવાયુ છે.

આ ડ્રોપ બોકસમાં ડિવાઈઝ લગાડાયા બાદ થોડો સમયમાં વિસ્ફોટ થાય છે અને પછી આગ લાગે છે. અમેરિકાની ચૂંટણી ખૂબ જ સાંકડા અંતરથી હારજીતની શકયતા છે તે સમયે આ પ્રકારની ઘટનાથી વિવાદ વધી શકે છે.

## જીએસટી રજીસ્ટ્રેશન રદ કરવાના મામલે સરકારની ઝાટકણી કાઢતી હાઈકોર્ટ

### નાના કરદાતાઓને ટેકનોલોજીની ખાસ સમજ નથીઃ નોટીસ માટે એસએમએસ-પ્રાદેશિક ભાષાનો ઉપયોગ જેવા ઉપાયો કરવા સૂચન

**મુખ્ય સમાચાર,ચેન્નઈ**

વન નેશનલ, વન ટેક્સ પોલીસી હેઠળ જીએસટી લાગૂ થયાના સાત વર્ષો પછી પણ કરદાતાઓને અનેકવિધ ઝંઝટ-હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે હાઈકોર્ટે જીએસટી રજીસ્ટ્રેશન રદ કરવાના મામલે સરકારની ઝાટકણી કાઢવા સાથે આકરી ટીપ્પણી કરી હતી અને કરદાતાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. આ ચુકાદાની વ્યાપક દૂરગામી અસર થવાનું મનાય છે.

જીએસટી રીટર્ન ફાઈલ નહીં કરવા બદલ રજીસ્ટ્રેશન રદ કરવા તથા નિયત સમય મર્યાદામાં અપીલ ફાઈલ નહીં કરવાના એક કેસમાં મદ્રાસ હાઈકોર્ટે મહત્વપૂર્ણ ટીપ્પણી કરવા સાથે કરદાતાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. આ કેસમાં સુથાર અને હોટલના સંચાલકે તેમનું જીએસટી રજીસ્ટ્રેશન રદ કરવાના નિર્ણયને પડકાર્યો હતો. જીએસટી વિભાગ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે અપીલ માટે ૯૦ દિવસની સમય મર્યાદા નિયત છે અને કરદાતાની અપીલ સમયસર નહતી.

હાઈકોર્ટે કહ્યું કે ફરિયાદી દ્વારા ધંધા ચાલુ જ રાખવામાં આવશે. એટલે તેમને જીએસટી પ્રક્રિયામાંથી બાકાત કરી દેવાથી કોઇ હેતૂ સર નહીં થઈ શકે. મોટાભાગના નાના ઉદ્યોગકારો



અશિક્ષિત હોય છે અને ઈ-મેઈલ સહિતની ટેક્નોલોજીનું સંચાલન કરવા સક્ષમ નથી હોતા. ભલે તેઓએ રજીસ્ટ્રેશન વખતે ઈ-મેઈલ આઈડી રજુ કર્યું હોય પરંતુ નિયમિત રીતે તે હેન્ડલ કરી શકતા નથી.

અદાલતે એવી ટીપ્પણી કરી હતી કે કોઈપણ સરકારનો ઉદેશ વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો રહેવો જોઈએ. તેનું ગળુ ઘોંટવાનો પ્રયાસ ન થવો જોઈએ. જીએસટી વભિાગની કાનૂની પ્રક્રિયા નાના ઉદ્યોગકારો-કરદાતાઓની ગરદન પકડવા જેવી છે. કારણ કે રજીસ્ટ્રેશન રદ થવાથી કરદાતાને આકરા દંડ-સજાનો સામનો કરવો પડી શકે છે.

અદાલતે જીએસટી વિભાગને એવું પણ સૂચન કર્યુ હતુ કે વેપાર-ધંધા પરના આકરા પ્રત્યાઘાતો પડતા હોવાની હકિકતને ધ્યાને રાખીને સંબંધિત જોગવાઈઓમાં ફેરફાર કરવામાં આવે અને શોકોઝ નોટીસ પાઠવવા માટે એસએમએસ સેવા તથા પ્રાદેશિક ભાષામાં મળે તેવા ઉપાયો કરવા જોઈએ.

## રેલવે - એરપોર્ટ પર બોમ્બની ધમકીના ઈમેલ કરનાર મહારાષ્ટ્રનો ‘ભેજાબાજ’ ઓળખાયાનો દાવો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં એરલાઈનની રેલવે સેવાઓ તથા હોટેલો, મંદિરો અને અન્ય મહત્વના સ્થળો પર ત્રાસવાદી હુમલા બોમ્બ-વિસ્ફોટ થવા અંગે સતત મળી રહી ધમકીઓમાં હવે પોલીસે મહારાષ્ટ્રના એક ૩૫ વર્ષના જગદીશ યુકેઈની તલાશ શરૂ કરી છે.

મહારાષ્ટ્રના માઓવાદી ગ્રસ્ત ગોંડીઆ જીલ્લાના આ રહેવાસીએ ઈ-મેલ મારફત અનેક ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા હતા જેના કારણે ટ્રેનો તથા અન્ય સ્થળો ભય-અફડાતફડીની સ્થિતિ બની ગઈ હતી. આ વ્યક્તિએ ત્રાસવાદ સામે એક પુસ્તક પણ લખ્યું છે અને દાવો કર્યો છે કે તેની પાસે એક સિક્રેટ કોડ છે જે પાંચ દિવસમાં ટ્રેન



અને રેલવે સુવિધાઓમાં ૩૦ જેટલા વિસ્ફોટ કરી શકે છે. તેના ઈ-મેલ ટ્રેસ થયા બાદ તે અચાનક જ ગુમ થઈ ગયા છે. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા મુજબ આ વ્યક્તિએ અનેક સરકારી એજન્સીઓને આ પ્રકારે મેલ મોકલ્યા છે. ઉપરાંત વડાપ્રધાન કાર્યાલય, કેન્દ્રીય મંત્રીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એરલાઈન કચેરીમાં રેલવે પ્રોટેકશન ફોર્સનો સમાવેશ થાય છે. તેણે તેના સિક્રેટ ટેરર કાંડ અંગે તેને સાંભળવાની માંગ કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તે ચર્ચા કરવા માંગતો હોય તેવું પણ જણાવ્યું છે.

## દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા પરના પ્રતિબંધ સામે RSS નારાજ

### દિલ્હીમાં પ્રદુષણનું કારણ આગળ ધરાય છે પણ પરાળી સળગાવવાનું કેમ નથી અટકાવાતુ?

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા પરના પ્રતિબંધો-નિયંત્રણો સામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે જ સવાલ ઉઠાવ્યા છે અને હિન્દુ તહેવારોને નિશાન બનાવવા સામે આકરી ટીપ્પણી કરી છે.

સંઘવડા મોહન ભાગવતે કહ્યું કે ફટાકડા ફોડીને ઉજવણી કરવા પરના નિયંત્રણો સામે શંકા ઉઠી રહી છે. હિન્દુ તહેવારો પર જ આવા કારસ્તાનો થાય છે. તેઓએ ખાસ કરીને દિલ્હીમાં ફટાકડા પરના પ્રતિબંધ સામે સવાલ ઉઠાવ્યો હતો તે સામે દિલ્હી સરકારે પ્રદુષણ રોકવાના પગલા તરીકે બચાવ કર્યો છે.

મોહન ભાગવતના વિધાનો પછી ભાજપ પણ મેદાને આવ્યો હતો. દિલ્હીમાં ફટાકડા ફોડવા પર નઆપથ સરકારના નિર્ણયની ટીકા કરતા એમ કહ્યું કે પરાળી સળગાવવાથી વધુ પ્રદુષણ ફેલાય છે છતાં તે અટકાવી શકાતું નથી અને હિન્દુ તહેવારોને જ નિશાન બનાવવામાં આવે છે.

આરએસએસના પ્રમુખ મોહન ભાગવત ૧૦ દિવસથી મથુરાના પ્રવાસે હતા. તેઓએ ગૌગ્રામમાં મુકામ કર્યો હતો. તેઓ દિવાળી મધ્યપ્રદેશના ભોપાલમાં ઉજવવાના છે. તેઓએ સંઘની કાર્યકારી મંડળની બેઠકમાં પણ હાજરી આપી હતી.

જેમાં ૪૬ પ્રાંતના ૩૯૬ અધિકારીઓ મૌજૂદ રહ્યા હતા. મથુરા પ્રવાસ



દરમ્યાન તેઓ ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથને પણ મળ્યા હતા. બન્ને વચ્ચે અઢી કલાક વાતચીત પણ થઈ હતી.

પ્રકાશન પર્વ એવા દિવાળીમાં દિવડા-રોશનીના ઝળહળાટની સાથોસાથ આતશબાજી-ફટાકડાની પરંપરા છે. કેટલાંક વર્ષોથી તેમાં અનેકવિધ નિયંત્રણો છે તેવા સમયે સંઘવડાએ આવા પ્રતિબંધો સામે સવાલ ઉઠાવતા તેના દેશભરમાં પ્રત્યાઘાતો ઉભા થઈ શકે છે. રાત્રે ૧૦ વાગ્યા પછી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ સહિતના સરકારી જાહેરનામા જારી કરવામાં આવ્યા જ છે. ફટાકડા ફોડવાની સમયમર્યાદા નિયત કરવામાં આવી છે. તેના કારણે આતશબાજીના ધૂમધડાકા સાથે ઉજવણીનો ઉત્સાહ ઝાંખો પડી જ જાય છે. આવા સમયે સંઘવડાના વિધાનો વ્યાપક પ્રત્યાઘાતો ઉભા કરી શકે છે.

## કેરળનાં એક મંદિરમાં ઉજવણી દરમિયાન ફટાકડામાં આગ લાગતા ૧૫૦થી વધુ ઘાયલ

### નીલાસ્વરમમાં વીરકાવુ મંદિર પાસે બની ઘટના : મંદિર ઉત્સવ માટે રખાયેલા ફટાકડામાં એકાએક વિસ્ફોટ

**મુખ્ય સમાચાર ,તીરુવંથપુરમ**

કેરળનાં એક મંદિરમાં ઉજવણી દરમિયાન ફટાકડામાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ૧૫૦ થી વધુ લોકો ઘાયલ થયાં છે, જેમાંથી આઠની હાલત ગંભીર છે. આ ઘટના સોમવારે મોડી રાતની હોવાનું જાણવા મળી રહ્યું છે. કેરળનાં કાસરગોડ નજીક નીલાસ્વરમમાં વીરકાવુ મંદિર પાસે આ ઘટના બની હતી. ઘાયલોને કાસરગોડ, કન્નુર અને મેંગલુરુની વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. એવું કહેવાય છે કે વીરારકવુ મંદિર પાસે ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આ સ્ટોરેજમાં આગ લાગવાના કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં અનુસાર, આ ઘટના ત્યારે બની હતી જ્યારે ફટાકડાનો સંગ્રહ કરતી ઈમારત પર એક મિસફાયર ફટાકડો પડ્યો હતો. પરિણામ એ આવ્યું કે ત્યાં ઝડપથી વિસ્ફોટ થવા લાગ્યાં હતાં. જેનાં કારણે બાળકો અને મહિલાઓ સહિત આસપાસનાં લોકો ઘાયલ થયાં હતાં. આ તમામ લોકો થિયમનું પ્રદર્શન જોવા માટે અહીં એકઠાં થયાં હતાં. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા કલેક્ટર અને મુખ્ય પોલીસ અધિકારીનાં લોકો પણ ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. અધિકારીઓ ઘટના પાછળનું સાચું કારણ જાણવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તે જ સમયે, સ્થાનિક સમુદાયનાં લોકોએ



ઘાયલોને અને તેમનાં પરિવારોને મદદ કરી હતી. સ્થાનિક મીડિયા અનુસાર, કાન્હાગઢ જિલ્લા હોસ્પિટલમાં દાખલ પાંચ લોકોની હાલત અત્યંત ગંભીર છે. કુલ ૩૩ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. આ સિવાય ૧૯ લોકોને કાન્હાગઢની આઈશાલ હોસ્પિટલ જ્યારે ૧૨ લોકોને અરિમાલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. ઘાયલોમાંથી ૪૦ ને સંજીવની હોસ્પિટલમાં, ૧૧ને નિલેશ્વર તાલુક હોસ્પિટલમાં અને અન્ય પાંચને એસ્ટર મિમ્સ કન્નુરમાં લઈ જવામાં આવ્યાં હતાં. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યાં અનુસાર, કેટલાક અન્ય ઘાયલોને મેંગલુરુ અને મેડિકલ કોલેજ પેરિયારામમાં દાખલ કરવામાં આવ્યાં છે.

# શિસ્તભંગ કરનાર કોંગ્રેસના ૨ કોર્પોરેટરને ૬ વર્ષ માટે કરાયા સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર,જામનગર**





જામનગરમાં વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર અસલમી ખીલજી અને ફેમિદાબેન જુણેજાને છ વર્ષ માટે કોંગ્રેસ પક્ષે સસ્પેન્ડ કર્યા.જામનગરમાં વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર અસલમી ખીલજી અને ફેમિદાબેન જુણેજાને આગામી છ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

પક્ષના કાર્યક્રમમાં હાજરી નહીં આપવા તેમજ પક્ષમાં સહકાર ન આપવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલની સુચનાનુસાર આપે કોંગ્રેસમાં રહી અશિસ્ત ભર્યું વર્તન કરી કોંગ્રેસને નુકસાન કર્યું હોવાથી આપને કોંગ્રેસ પક્ષમાંથી છ (૬) વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. તેવું આજરોજ વિરોધ પક્ષ કાર્યાલયમાંથી પ્રેસ કોન્ફરન્સ દ્વારા શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને વિરોધ પક્ષના નેતા ધવલ નંદા સહિતના કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં જાહેર કરવામાં આવ્યું હતું.વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અસલમ ખીલજી અને ફેમિદાબેન જુણેજાને વારંવાર પક્ષના કાર્યક્રમમાં હાજરી નહીં આપવા અને કોંગ્રેસ કાર્યાલયમાં અનેક વખત બોલાવવા છતાં કે કાર્યક્રમમાં હાજરી નહીં આપવા બદલ અને આ બાબતે પક્ષનું અપમાન કર્યા હોવાનું શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું અને કહ્યું હતું કે, આગામી છ વર્ષ માટે બંને કોર્પોરેટરને કોંગ્રેસમાંથી .સસ્પેન્ડ કરવામાં આવે છે.જામનગર મહાનગર પાલિકાના કોંગ્રેસના વોર્ડ નંબર ૧૨ના બે કોર્પોરેટરોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. જેમાં અસલમ ખિલજી અને ફેમીદાબેન રિઝવાન જુણેજાને સસ્પેન્ડ કરવામાં આવે છે.

# ૧૦ હોટલોમાં બોમ્બ મુકાયાના ઈ-મેલ જર્મનીથી મોકલાયા'તા

## રાજકોટ પોલીસે માઈક્રોસોફ્ટ અને વિદેશ મંત્રાલયની મદદથી શરૂ કરેલી તપાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની ૧૦ હોટલોમાં બોમ્બ મુક્યા હોવાનો ઈમેલ મળ્યા બાદ રાજકોટ શહેરની પોલીસ સાથે ગ્રામ્યની પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. રાજકોટ શહેર પોલીસ વિસ્તારમાં આવતી ૯ અને ગ્રામ્ય પોલીસ મથકમાં આવતી એક હોટેલ મળી કુલ ૧૦ હોટેલોમાં બોમ્બ મુકાયાના ઈમેલ બાદ હવે આ મામલે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ઈમેઈલ જર્મનીથી મોકલવામાં આવ્યો હોય જેના આઈપી એડ્રેસના માહિતીના આધારે સાઈબર ક્રાઈમ પોલીસે આ મામલે માઈક્રોસોફ્ટ કંપની અને વિદેશ મંત્રાલયની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.

શનિવારે સવારે રાજકોટની અલગ અલગ ૧૦ હોટેલોમાં બોમ્બ મુકાયા હોવાનો ઈમેઈલ મળતા દોડધામ મચી ગઈ છે. ક્રાઈમ બ્રાંચ, એસઓજી સાથે બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડે સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. હોટેલના દરેક રૂમ તેમજ રેસ્ટોરન્ટ અને કિચનમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. નડેનકોક ૧૦૧ એફ એટ આઉટલૂક.કોમથ નામના ઈમેઈલ મારફતે રાજકોટની અલગ અલગ ૧૦ હોટેલોમાં બોમ્બ મુકાયાની જાણ કરવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસ મથક વિસ્તારમાં આવતી ૯ અને ગ્રામ્ય પોલીસ વિસ્તારમાં આવેલ હોટલ સિઝન્સ ઉપરાંત ઈમ્પેરિયલ પેલેસ, હોટેલ ગ્રાન્ડ રેજન્સી, હોટેલ સયાજી, ભાભા, સેન્ટોસા, એલીમેન્ટ, હોટલ જ્યોતિ, બીકોન અને હોટેલ પેરેમાઉન્ટ ઈનમાં તપાસ કર્યા બાદ કશુ સંકાસ્પદ મળ્યુ ન હતું.

આ મામલે સાયબર ક્રાઈમની ટીમે તપાસ શરૂ કરી છે. સાયબર ક્રાઈમે આ ઈમેઈલ બાબતે તપાસ કરતા જર્મનીના આઈપી એડ્રેસથી આ ઈમેઈલ આવ્યો હોય જેથી હવે આ મામલે વધુ વિગતો મેળવવા માટે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે માઈક્રોસોફ્ટ કંપની અને વિદેશ મંત્રાલયને ઈમેઈલ કરી આઈપી એડ્રેસની વધુ માહિતી આપવામાટે ઈમેઈલ કર્યો છે. પ્રથમ વખત માઈક્રોસોફ્ટ કંપનીએ રાજકોટ



પોલીસના ઈમેઈલનો કોઈ જવાબ આપ્યો નથી. હવે વિદેશ મંત્રાલયની મદદથી બીજો ઈમેઈલ મોકલવામાં આવ્યો છે. અને આ બન્ને ઈમેઈલ બાદ હવે માઈક્રોસોફ્ટ કંપની તરફથી જે ડેટા રાજકોટ પોલીસને આપવામાં આવશે. તેનું એનાલીસીસ કરીને આગળની તપાસ કરવામાં આવશે.

# મોરબીમાં બેકાબુ સ્વીફ્ટ કારે આતંક મચાવ્યો:કાર, રીક્ષા, ત્રણ બાઈકને હડફેટે લીધાની ફરિયાદ નોંધાઈ

## અકસ્માતની હારમાળા સર્જી સ્વીફ્ટ કાર કાદવમાં ફસાઈ જતા કાર રેઢી મૂકી ચાલક નાસી ગયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી શહેરમાં ગઈકાલે સાંજના અરસામાં એક સ્વીફ્ટ કારે રીતસરનો આતંક મચાવી શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં અકસ્માતની હારમાળા સર્જી હતી, જેમાં લાતી પ્લોટ શેરી.૨ માં બેકાબુ સ્વીફ્ટ કાર ચાલકે પોતાની કાર પુરઝડપે ચલાવી આવી શેરીમાં ઓફીસની બહાર પાર્ક કરેલ વર્ના કાર, ત્યાંથી આગળ એક સીએનજી રીક્ષા સહિત અંત ત્રણ જેટલા બાઈક્ને હડફેટે લીધા હતા, ત્યારે એક બાઈક ઉપર પરિવાર સાથે જઈ રહેલા બાઈકને પાછળથી ઠોકર મારી બાઈક સવાર પતિ-પત્ની અને તેમની ૪વર્ષની બાળકીને નીચે પછાડી દઈ આ સ્વીફ્ટ કાર ચાલક પોતાની કાર લઈને નાસી ગયો હતો, જો કે આગળ શેરીમાં રોડ ઉઓર કાદવ કિચડને કારણે સ્વીફ્ટ કાર ફસાઈ જતા તેનો ચાલક કાર રેઢી મૂકીને ભાગી છૂટ્યો હતો, હાલ ઈજાગ્રસ્ત બાઈક ચાલક દ્વારા અકસ્માતો સર્જનાર સ્વીફ્ટ કારણ અજાણ્યા ચાલક વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સમક્ષ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી અજાણ્યા સ્વીફ્ટ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિત મુજબ મોરબીની નાની કેનાલ રોડ ઉપર ઓમપાર્ક સોસાયટીમાં રહેતા દીક્ષિતભાઈ જયંતીભાઈ કાંજીયા ઉ.૩૪ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી તરીકે સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-૪૬૭૦ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈકાલ તા.૨૮/૧૦ના રોજ સાંજના દીક્ષિતભાઈ પોતાનું હીરો સ્પ્લેન્ડર બાઈક રજી.ન. જીજે-૩૬-એડી-૮૯૧૮ લઈને પત્ની તથા ૪ વર્ષની બાળકીને લઈને પૂજા હોસ્પિટલમાં દવા લઈને પરત ઘરે જતા હોય તે દરમિયાન લાતી પ્લોટ શેરી નં-૨ માં પહોંચતા પાછળથી ઉપરોક્ત સ્વીફ્ટ કાર દ્વારા દીક્ષિતભાઈના બાઈકને પછકથી જોરદાર ટક્કર મારતા તેઓ પત્ની તથા બાળકી સહિત નીચે પટકાયા હતા, જેમાં દીક્ષિતભાઈની પત્ની તથા બાળકીને સદનસીબે કોઈ ઈજાઓ પહોંચી ન હતી જયારે દીક્ષિતભાઈને છોલ છાલ તથા પગના અંગૂઠામાં મૂંઢ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી સ્વીફ્ટ કાર આગળ નીકળી ગઈ હતી, ત્યારે ઘટના સ્થળની આજુબાજુની ઓફીસ ધરાવતા લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા. ત્યારે આ બેકાબુ સ્વીફ્ટ કાર દ્વારા ઓફીસ બહાર પાર્ક કરેલ વર્ના કાર, એક સીએનજી રીક્ષા, દીક્ષિતભાઈના બાઈક સહિત ત્રણ બાઈકને હડફેટે લીધા હતા, હાલ આ સ્વીફ્ટ કાર શેરીમાં રોડ ઉપર કાદવ કીચડમાં ફસાઈ જતા કાર ચાલક આરોપી કાર રેઢી મૂકીને નાસી ગયો હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# જામનગર શહેરમાં મંજૂરી વગર જ શરૂ થયેલા ૮ સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા






**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના રણજીતસાગર રોડ પર ફાયર, પોલીસ અને એસ્ટેટ વિભાગની ટીમે સંયુક્ત તપાસ કરી મંજૂરી વગર ચાલતા ૮ સ્ટોર બંધ કરાવ્યા.જામનગર શહેરમાં કોઈપણ જાતની પૂર્વ મંજૂરી કે ફાયર સેફ્ટી વગર ધમધમતા ફટાકડાના સ્ટોર પર દરોડો પાડી તંત્ર દ્વારા બંધ કરાવવામાં આવ્યા હતા. જામનગર શહેરમાં મંજૂરી વગર જ શરૂ થયેલા ૮ સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા હતા.જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા ની ટુકડી, ફાયર વિભાગની ટીમ, અને પોલીસ દ્વારા કિસાન ચોક થી લાલપુર ચોકડી સુધી માર્ગે સામુહિક ચેકિંગ કરવામાં આવ્યું હતું. જે ચેકિંગ દરમિયાન આઠ જેટલા સ્ટોલ ધારકો કે જેઓ દ્વારા મહાનગરપાલિકામાંથી સ્ટોલ ઉભો કરવા માટેની જરૂરી મંજૂરી લેવામાં આવી ન હોવાથી તેવા સ્ટોલ બંધ કરાવાયા હતા.જેમાં ચાર સ્ટોલ ના ટેબલ, કપડા પતરા, મંડપ સહિતનો સામાન જપ્ત કરીને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય ચાર મોટા સ્ટોલધારકો કે જેઓને તાત્કાલિક અસરથી પોતાનો સ્ટોલ બંધ કરી દેવા માટેની સૂચના આપવામાં આવી છે. પોલીસના ચેકિંગ દરમિયાન બે સ્ટોલધારકોએ કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વિના ફટાકડા નું વેચાણ શરૂ કર્યું હોવાથી તે બંને વિક્રેતાઓ સામે જાહેરનામાના અંગે ગુનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ, ફાયર અને એસ્ટેટ શાખાની આ સંયુક્ત કામગીરીને લઈને ગેરકાયદે ફટાકડાના સ્ટોલ ધરકોમાં ભારે દોડધામ થઈ ગઈ હતી.

# જામનગરમાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીના ભાગરૂપે રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**




જામનગરમાંથરન ફોર યુનિટીથકાર્યક્રમ યોજાયો. જામનગર, દેશમાં દર વર્ષે તા.૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજ રોજ જામનગર મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શહેરના રણમલ તળાવ ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મેયર વિનોદભાઈ ખીમસુરીયા, જિલ્લા કલેકટર બી.કે.પંડ્યા, મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ઝાલા,સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.આ દોડમાં જામનગર જિલ્લા હોમગાર્ડ્સ કમાન્ડન્ટ જી.એલ.સરવૈયા, જિલ્લા રમત ગમત અધિકારી બી.જે.રાવલિયા, જામનગર જિલ્લા પોલીસ, એન.સી.સી.કેડેટ્સ, હોમગાર્ડ્સ યુનીટ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શહેરીજનો વગેરે ઉત્સાહભેર સહભાગી થયા હતા.આ દોડ રણમલ તળાવ ગેઈટ નં.૧ ના પાર્કિંગથી શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુથી મયુર મેડિકલ થઈ લેઉઆ પટેલ સમાજ ખાતે પૂર્ણ થઈ હતી. જ્યાં મહાનુભાવો અને પદાધિકારીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ એકતા શપથ લીધા હતા.

# ઉનાના વાસોજ ગામે મધ્યાન ભોજનનુ રસોડું તેમજ નવા તીર્થધામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું




**અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના**

ઉના તાલુકાના વાસોજ ગામે આજે પ્રાથમિક શાળા પાસે મધ્યાન ભોજન નું રસોડું બનાવવા માટે પાંચ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા ત્યારે બીજી તરફ તીર્થધામ બનાવવા માટે રૂપિયા પાંચ લાખ ફાળવવામાં આવ્યા આ બંને કામોનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ વાસોજ ગામના સરપંચ મોહનભાઈ વાજા તેમજ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ઉપસરપંચ ગ્રામસભાના સભ્યશ્રીઓ તેમજ ગ્રામજનો પ્રાથમિક શાળાના આચાર્ય શિક્ષક તેમજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ભીખાભાઈ મુળજી ભાઇ ઝાલા વાસોજ હાજર રહ્યા હતા ઉના તાલુકાના અનેક ગામોમાં કામ મંજૂર કરવામાં આવ્યા છે એક તરફ વિકાસથી દોડ તરફ ગુજરાત જઈ રહ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારો સીટી જેવા બને લાઈટ પાણીની સુવિધાઓ હોતી ભરપૂર અગવડમાંથી લોકોને સગવટ ઊભી થાય તે માટે તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયત ખડે પગે રહી અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના અધ્યક્ષ સ્થાને હાલ ઉના તાલુકાનો વિકાસ વેગવંત થયો છે.

# મોરબી સીટી એ ડિવિઝન પોલીસની કાર્યવાહી, ચોરાઉ બાઈક સાથે રીઢા વાહન ચોર આરોપીને દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી સીટી એ ડિવિઝન પોલીસે શહેરમાં બનેલ વાહન ચોરીના ગુનાઓમાં આરોપીઓને પકડી પાડવા જરૂરી વર્કઆઉટ કરી વાહન ચોરીના ગુનાના રીઢા આરોપીને વાવડી રોડ ખાતેથી ચોરાઉ બાઈક સાથે ઝડપી લેવામાં આવી પકડાયેલ આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મોટરસાયકલ પરત મેળવી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

મોરબી સીટી એ ડિવિઝન પીઆઇ એચ.એ.જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી શહેરમા બનતા મિલ્કત સંબંધી બનાવો અટકાવવા તેમજ શોધી કાઢવા શહેરમાં લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હયુમન સોર્સીસના બાતમીદારોને આધારે એ ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરીમા ગયેલ મોટર સાયકલ સાથે રીઢો વાહન ચોર પ્રકાશભાઈ નગવાડીયા વાવડી રોડ ઉપરથી પસાર થવાનો હોવાની હકિકત આધારે વોચ ગોઠવતા ઉપરોક્ત રીઢો આરોપી સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી.નં. જીજે-૦૩-ડીએફ-૦૪૭૭ લઈને પસાર થતા તેને રોકી મોટર સાયકલના જરૂરી કાગળો માંગતા તેની પાસે નહી હોવાનુ કહેતા પોલીસ દ્વારા પોકેટકોપથી મોટર સાયકલની વિગતો સર્ચ કરતા ઉપરોકત મોટરસાયકલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીની ફરિયાદ મુજબનું હોવાનુ સામે આવતા તુરંત આરોપી પ્રકાશભાઈ ચંદુભાઈ નગવાડીયા ઉવ.૩૩ રહે.ચીખલી તા.માળીયા(મી)ની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં પકડાયેલ આરોપી જબરો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૪ સુધીમાં રીઢા આરોપી સામે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં વાહનચોરી, મારામારી, ધાક-ધમકી, પ્રોહી., જુગારધારા સહિતની કલમો હેઠળ છ વખત પોલીસ ચોપડે પોતાનું નામ નોંધાવી ચુક્યો છે. હાલ પોલીસે ઉપરોક્ત રીઢા આરોપી પાસેથી ચોરીમાં ગયેલ સ્પ્લેન્ડર પ્લસ બાઈક કિ.રૂ.૫૦ હજાર કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ઈંગ્લીશ દારૂની ૭૪ બોટલ ઝડપાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના કિસાનચોક વિસ્તારમાંથી બે શખ્સને એલસીબી દારૂની ૭૪ બોટલ સાથે પકડી પાડ્યા છે. ત્રીજા સાગરિતનું નામ ખૂલ્યૂં છે. આ શખ્સોએ વેચવા માટે દારૂનો આ જથ્થો ઓનલાઈન મંગાવ્યો હોવાની વિગત ખૂલી છે. જૂના હુડકામાંથી એલસીબીએ ૨૭ બોટલ સાથે એક શખ્સને દબોચી લીધો છે. નાઘેડી ગામમાંથી એક શખ્સનો દારૂનો જથ્થો ઝબ્બે લેવાયો છે. જેમાં ૨૪ મોટી, ૧૨૦ નાની બોટલ, ૧૨૦ બીયરના ટીન, ૩૦૦ લીટર દેશી દારૂ પણ મળી આવ્યો છે. ધ્રોલ પાસેથી છ નાની બોટલ સાથે એક પરપ્રાંતિય શખ્સ પકડાઈ ગયો છે. પવનચક્કી પાસેથી એક બોટલ કબજે લેવાઈ છે.જામનગરના રણજીતનગર વિસ્તારમાં આવેલા જૂના હુડકો પાસે ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરાઈ રહી હોવાની બાતમી પરથી એલસીબીના સ્ટાફે વોચ રાખી હતી. તે દરમિયાન કિસાન ચોકમાં રહેતો હિરેન અમૃતલાલ ગોરી નામનો શખ્સ ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૨૭ બોટલ સાથે મળી આવ્યો હતો. એલસીબીએ બોટલ કબજે કરી મોબાઈલ પણ ઝબ્બે લીધો છે. આરોપીએ પોતાના સાગરીત દિગ્વિજય પ્લોટ-૫૮વાળા હરીશ કિશોરભાઈ ચૌહાણનું નામ આપ્યું છે.જામનગરના એલસીબી સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન કિસાનચોક વિસ્તારમાં ઈંગ્લીશ દારૂ વેચાણ માટે મંગાવી રાખવામાં આવ્યો હોવાની બાતમી મળતા ત્યાં ધસી ગયેલી એલસીબી ટીમે સાગર હંસરાજભાઈ હુરબડા તથા રાજેશ જગદીશભાઈ લખીયર નામના બે શખ્સને અંગ્રેજી શરાબની ૭૪ બોટલ સાથે પકડી પાડી રૂ.૫ હજારનો મોબાઈલ પણ કબજે લીધો છે. આ શખ્સોએ દારૂનો તે જથ્થો ઓનલાઈન ઓર્ડર કરીને મંગાવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ શખ્સોએ મુંબઈના બોરીવલીમાં રહેતા મૂળ જામનગરની વિશ્રામવાડીવાળા



હીરેન ઉર્ફે ધોરીનું નામ પણ આપ્યું છે.જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા નાઘેડી ગામમાં લીરબાઈ ચોક નજીક એક મકાનમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી પંચકોશી બી ડિવિઝનના સ્ટાફે દરોડો પાડ્યો હતો. ત્યાં આવેલા મુન્ના મારવાડી નામના શખ્સના મકાનની તલાસી લેવાતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૨૪ મોટી બોટલ તથા ૧૨૦ ચપલા અને બિયરના ૧૨૦ ટીન મળી આવ્યા હતા. તે ઉપરાંત આ મકાનમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ પણ મળી આવ્યો હતો. દરોડા પહેલા મુન્ના મારવાડી નાસી ગયો હતો.ધ્રોલ તાલુકાના પીપર ગામની ચોકડી પાસેથી મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના વતની ગણપત અલસીંગ માવડા નામના શખ્સને પોલીસે રોકી ચેક કરતા તેની પાસેથી બે જુદી જુદી બ્રાંડની દારૂની છ નાની બોટલ મળી આવી હતી.જામનગરના પવનચક્કી વિસ્તારમાંથી દારૂની બોટલ સાથે જઈ રહેલા ગોકુલનગરમાં રહેતા વિશાલ પ્રવીણભાઈ લીલાપરાને પોલીસે પકડી પાડ્યો છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં રૂ.30.૯૧ કરોડના કામ મંજૂર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ત્રણ સ્થળે ખાસ બગીચા બનાવાનો નિર્ણય મનપાની સ્ટેન્ડીંગ કમીટીનો બેઠકમાં લેવાયો છે. જામનગર-રાજકોટ ધોરીમાર્ગ, અન્નપૂર્ણા મંદિર પાસે, સોનલનગરમાં બનનાર બગીચામાં પાથ-વે, ટોયલેટ બ્લોક, રમત-ગમતના સાધનો, બેસવાની બેન્ચ સહિતની સવલત સાથેના બગીચા બનાવવા રૂ.૨.૮૦ કરોડ મંજૂર કરાયા છે. બેઠકમાં કુલ રૂ.૩૦.૯૧ કરોડના કામ મંજૂર કરાયા છે. શહેરના તમામ વોર્ડમાં આંતરિક માર્ગો રીકાર્પેટ કરવા રૂ.૬ કરોડનો ખર્ચ કરાશે. જામ્યુકોની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં મેયર સહિત ૧૦ સભ્ય ઉપસ્થિત રહ્યા હતાં.બેઠકમાં ગુલાબનગર ઓવર બ્રીજથી સુભાષ બ્રીજ સુધીના રોડને આસ્ફાલ્ટ રીકાર્પેટ કાર્ય કરવા માટે સ્ટાર રેઈટ ચૂકવવા માટે રૂ.૪૬.૭૧ લાખ, ટાઉનહોલ રીનોવેશન રિપેરીંગ અને એડીશન અલ્ટ્રેશન કરવા માટે રૂ.૨.૯૦ કરોડનો ખર્ચ મંજુર કરાયો હતો. શહેરના વોર્ડ નં.૧ થી ૮ ના મુખ્ય અને આંતરિક રસ્તાઓના આસ્ફાલ્ટ રીકાર્પેટ રીપેરીંગ કામ માટે રૂ.૧.૯૫ કરોડ અને વોર્ડ નં.૯ થી ૧૬ માટે રૂ. ૪.૧૧ કરોડનો ખર્ચ મંજુર કરાયો છે.શહેરના મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓ ઉપર હોટ એપ્લાઈડ થર્મપ્લાસ્ટ પેઈન્ટ, પાર્કિંગ પટાઓ તથા રોડ સાઈનેજીસના કામ માટે રૂ.૪૮.૬૫ લાખ ખર્ચાશે. વિભાપર ગામના રસ્તા પર પાણીની પાઈપલાઈન માટે તોડવામાં આવેલ રસ્તારમાં જેએમસી શાળાથી વિભાપર હેલ્થ સેન્ટરથી વિભાપર સ્મશાન સુધીના ટ્રેન્થમાં ડામર ચરેડાના કામ માટે રૂ.૧૪.૨૮ લાખનો ખર્ચ કરવા નિર્ણય કરાયો હતો.બિલ્ડીંગ મેઈન્ટનથી સ્વભંડોળમાં જોગવાઈ કરી જાપવાની દરખાસ્તને માન્યરાખી



સ્વભંડોળ કેપીટલ હેડે ખર્ચ બુક કરવા મંજુર કરાયું હતું. જામનગર-રાજકોટ હાઈ-વે માં હોન્ડા શોરૂમ પાસે, મહાપ્રભુજી બેઠક માર્ગે અન્નપૂર્ણા મંદિર પાસે તથા સોનલ નગરમાં ગ્રીન સ્પેશ એન્ડ પાર્કસ પ્રોજેકટ ડેવલોપ માટે રૂ.૨.૮૦ કરોડના ખર્ચે ખાસ બગીચા બનાવામાં આવશે. ચારેય સ્થળે ધનિષ્ઠ વનિકરણ અને પાથ-વે, ટોયલેટ બ્લોક, રમત-ગમતના સાધનો, બેસાવની બેન્ચ સહીતની સવલત સાથેના ગાર્ડન બનાવવામાં આવશે.ગોકુલનગર જકાતનાકાથી સમર્પણ સર્કલ સુધીના ૩૦ મીટર પહોળા ડીપી રોડના અમલીકરણ માટેની દરખાસ્ત મંજુર કરી અમલવારી કરવા નિર્ણય લેવાયો હતો. મહાપાલિકાના જુદા જુદા લોકેશનમાં સફાઈ કામગીરીની દરખાસ્તમાં વહીવટી ભવન, ન્યુ વહીવટી ભવન, સ્પોર્ટ્સ સંકુલ, ટાઉનહોલ અને શાક માર્કેટની સફાઈ માટે વાર્ષિક રૂ.૫૮.૨૦ લાખનું ખર્ચ મંજૂર કરાયુ છે.મનપાની મિલકતના રક્ષણ માટે ખાનગી સિક્યુરીટીને રૂ.૧.૯૦ કરોડ ચૂકવાશે.

# આજે ધનતેરસે સોના ચાંદીની થશે ધુમ ખરીદી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

દિવાળી અને દીપોત્સવને લઈને લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહયો છે. આજથી દીપોત્સવ પર્વનો પ્રારંભ થયો છે. આજે ધનતેરસ છે. ધન વર્ષા લોકો સોના ચાંદીથી માંડીને વાહનોની ખરીદી કરી રહયા છે. તારીખોની ગણતરી કરનારા વિદ્વાનોના મતે, આ વખતે દિવાળી ૩૧મી ઓક્ટોબર અને ૧લી નવેમ્બર એમ બંને રીતે અલગ–અલગ માન્યતાઓ અનુસાર ઉજવવામાં આવી શકે છે. જો કે ધનતેરસ ૨૯ ઓક્ટોબરે જ ઉજવવામાં આવશે. એટલે કે મંગળવારથી જ રોશનીનો તહેવાર શરૂ થયો છે. નરક ચતુર્દશી અથવા રૂપ ચૌદસ (છોટી દિવાળી) 30મી ઓક્ટોબરે ઉજવવામાં આવશે અને ત્યારબાદ ૩૧મી ઓક્ટોબરે અમાવસ્યાના રોજ દિવાળી ઉજવવામાં આવશે. દિવાળીના દાન બીજા દિવસે ૧લી નવેમ્બરે કરી શકાય છે. ધનતેરસના રોજ માતા લક્ષ્મીની પૂજા કરી, સુખ–સમળદ્ધિની કામના કરશે. તેમજ જૂના સિક્કાઓ, સોના–ચાંદીના દાગીનાનું પૂજન કરશે. જ્યારે ખેડૂતો ખેતીના ઓજારો, બળદ, ટ્રેક્ટર સહિતનાનું પૂજન કરશે. ધનતેરસના દિવસે સોનું ખરીદવાનું અનેરૂ મહત્વ હોવાથી સોનીની દુકાનોમાં ગ્રાહકોની ભીડ જામશે તેવી વેપારીઓમાં આશા સેવાઈ રહી છે.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવતીકાલે ભવ્ય આતશબાજી યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલે તા.30/૧૦/૨૦૨૪ બુધવાર ધનતેરસના શુભ દિવસે સાંજે ०७:०० કલાકે શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ ખાતે ભવ્યાતિ ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવશે.આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

આ આતશબાજી કાર્યક્રમમાંઅવનવા ફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી નિહાળવા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાય અને શહેરીજનો આ કાર્યક્રમ નિહાળવામાં કોઈ અગવડ ન પડે તે હેતુસર, કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

આ આતશબાજી કાર્યક્રમમાં વી.વી.આઈ.પી./વી.આઈ.પી. મહાનુભાવોની તથા આમંત્રિતો મહાનુભાવોની એન્ટ્રી રેસકોર્ષ સંકુલ ખાતે આવેલ શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમથી હોકી ગ્રાઉન્ડની ગેલેરી પાસે આવેલ જીમ તરફ જવાના રસ્તાથીશ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં એન્ટ્રી લેવાની રહેશે. જ્યારે કોર્પોરેટરશ્રીઓ તથા પ્રેસ–મીડિયાના પ્રતિનિધિઓની એન્ટ્રી બહુમાળી ભવન સામેથી શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમના પેવેલીયન તરફ જવાના રસ્તાથી એન્ટ્રી લેવાની રહેશે.

જાહેર જનતાને ૧) બહુમાળી ભવન સામેનાશ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ તરફ જવાના રસ્તાથી ૨) શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમથી શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમના ગેઈટથી એન્ટ્રી આપવામાં આવશે. જાહેર જનતાએ આ કાર્યક્રમ નિહાળવા કોઈપણ પ્રકારના પાસની જરૂરીયાત નથી. રંગીલું રાજકોટ દરેક ઉત્સવ અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિ કે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ હોય કે પછી સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો કરતા અલગ બનાવે છે.

### આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક : કરોડોના વિકાસ કામોને અપાશે મંજૂરી

**રેસકોર્સ સંકુલ ખાતે ૩૨ લાખના ખર્ચે બોક્સ ક્રિકેટ બનશેઃ કેનાલ રોડ પર આવેલ કેવડા વાળી શેરી નંબર ૨૨ ને જોડતો બ્રિજ બનાવવા ના કામ અંગેની રૂપિયા ૬૨.૩૯ લાખની દરખાસ્ત પણ સ્ટેન્ડિંગ સમક્ષ મુકાઈ : કાલની બેઠકમાં ૪૯ દરખાસ્તો પર ચર્ચા થશે**

## કાળી ચૌદશના દિવસે મહુડી ખાતે શ્રી ઘંટાકર્ણદાદાના હવનનું અનેરૂ મહત્વ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉત્તર ગુજરાતમાં મહુડી તીર્થનું નામ આવતાં આસ્થાથી હૈયું તરબતર જાય છે. ભગવાન શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાનું આ સ્થાનક જૈન તીર્થ ભલે હોય પરંતુ જૈનેતરો માટે પણ એટલું જ પૂજનીય છે. મહુડી તીર્થનાં દર્શને જેટલા જૈનસમુદાયના લોકો જાય છે એના જેટલા જ જૈનેતરો પણ જતા હોય છે.

ઉત્તર ગુજરાતના ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં મહુડી આવેલું છે. તેનું અસલ નામ મધુપુરી છે. તેમાં શ્રી ઘંટાકાર્ણવીર દાદાનું મંદિર છે. ઉપરાંત મૂળનાયક શ્રી પદ્મપ્રભુ જિનેશ્વર ભગવાનનું ભવ્ય જિનાલય છે. શ્રી ઘંટાકર્ણવીર શ્રી જિનેશ્વર પરમાત્માના પરમતારક શાસનમાંના બાવન વીર પૈકીના ત્રીસમાં વીર છે. જિનશાસ્ત્ર મુજબ તેઓ પૂર્વભવમાં મહાબલ નામના ક્ષત્રિય રાજા હતા.

હાલના ઉત્તરાંચલ રાજયના ટિહરી ગઢવાલ વિસ્તારમાં આવેલા શ્રીનગર (શ્રીતીર્થ)માં તેમનું રાજય હતું. તેની નજીકની પર્વતમાળા પર ત્રેવીસ તીર્થંકર પરમાત્માઓનાં જિનાલય આવેલાં છે તેની યાત્રાએ આવતા શ્રાવકોનું રક્ષણ પર્વતના જંગલ વિસ્તારનાં હિંસક વન્ય પ્રાણીઓ અને અનાર્ય પ્રજાથી રક્ષણ કરવા માટે શ્રી ઘંટાકર્ણવીર દેવનો આવિર્ભાવ થયો હતો.

યાત્રીઓનું રક્ષણ કરતાં કરતાં પ્રાણાર્પણ કરી શુભધ્યાનમાં તેઓ મૃત્યુ પામ્યા હતા. શ્રી પર્વતતીર્થના મહાપ્રભાવક અધિષ્ઠાયક તરીકે તેઓ આજે પણ પૂજનીય છે.

જિનશાસક પ્રભાવક યુગપ્રવર્તક યોગનિષ્ઠા આચાર્યભગવંત શ્રીમદ્ બુદ્દિધસાગરજી મહારાજાએ મધુપુરી તીર્થ શ્રી ઘંટાકર્ણ દાદાનો આવિર્ભાવ કર્યો હતો. આ તીર્થના તેઓ અધિષ્ઠાતા છે.




વિક્રમસંવત ૧૯૮૦ માં માગશર સુદ ત્રીજના દિવસે વર્તમાન મંદિર બંધાવી શ્રી ઘંટાકર્ણ દાદાની સ્થાપના કરી હતી. જો કે આ અગાઉ વિક્રમસવંત ૧૯૭૮માં તેમણે દાદાની મુર્તિ ઘડાવી હતી. ઉપાસનાસહ સાત્વિક ભકિત કરનાર સર્વ શ્રાવકો–શ્રદ્દઘાળુઓ– ભાવિકોને સહાયભૂત થવા માટે શ્રી દાદાને વચનબદ્દધકરીને તેમણે બે ચરિત્ર્યવંત શિલ્પકારો પાસે મુર્તિ ખારાબારના પથ્થરમાંથી બનેલી છે. રોજેરોજ એની પ્રક્ષાલ–પૂજા થતી નથી. રોજ પ્રક્ષાલ–પૂજા કરાય તો મુર્તિને ઘસારો પહોંચે છે. એટલે વર્ષમાં માત્ર એક જ વાર કાળી ચૌદશના દિવસે જ તેની વિવિધપૂર્વક પ્રક્ષાલ પૂજા–કેસરપૂજા કરવાની પરંપરા છે. પ્રતિમાનજીના જમણા અંગૂઠે જ કેસરપૂજા થાય છે. અજ્ઞાન વહેમ ભૂતપ્રેતાદિ અનિષ્ટ તત્વોની પીડાથી લોકોને મુકત કરવા માટે અને ધર્મભ્રષ્ટ–આચારભ્રષ્ટ લોકોને મુકત કરાવવા માટે જ પારમાર્થિક પ્રેરણાથી શુદ્દઘવિશુદ્દઘ સમ્યગ દ્રષ્ટિધારક શ્રી જિનશાસન અધિષ્ઠાયક શ્રી ઘંટાકર્ણવીર દેવને પ્રત્યક્ષભાવે આ.ભ. શ્રીમદ્ બુદ્દિઘસાગર સૂરીશ્વરજી મ.સા.એ પ્રત્યક્ષભાવે સાક્ષાત કર્યા હતા.

# કૂર્મી સેના દ્વારા કેશુબાપાને ભવ્યાતિભવ્ય સ્મરણાંજલિ

## સ્વ.કેશુબાપા નાં પરિવારજનો તથા ઉપસ્થિત માનવ મહેરામણ ની હાજરીમાં હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ને કેશુભાઈ પટેલ નું નામ આપવા માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.પદ્મભૂષણ કેશુભાઈ પટેલ ની ચતુર્થ પુણ્યતિથી નિમિત્તે ભવ્યાતિભવ્ય સ્મરણાંજલિ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાટીદાર ઉપરાંત સર્વે સમાજ નાં આગેવાનો અને કાર્યકરો એ મોટી સંખ્યામાં હાજર રહી સ્વ. કેશુબાપા નાં લોક ઉપયોગી કાર્યો ને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સભા નાં પ્રારંભ માં દિપ પ્રાગટય બાદ મા ઉમા –ખોડલ ની આરતી કરવામાં આવી હતી જેમાં સભા માં હાજર રહેલ વિશાળ જન મેદની એ પણ ભાગ લેતા વાતાવરણ દિવ્ય તેજ થી ઝળહળી ઉઠ્યું હતું. સભાનાં પ્રારંભે ચિરાગ કાકડીયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કૂર્મી સેના નાં આગામી કાર્યક્રમો અને સ્વ. કેશુબાપા નાં સ્મરણાંજલિ કાર્યક્રમ પાછળની ભૂમિકા જાણીતા પત્રકાર – તંત્રી જિજ્ઞેશભાઈ કાલાવડિયા દ્વારા આપવામાં આવી હતી. કૂર્મી સેના દર વર્ષે કેશુબાપા ની પુણ્યતિથી પર શ્રદ્ધાંજલિ કાર્યક્રમ નું આયોજન કરશે તેવી આ તકે તેમણે જાહેરાત કરી હતી. આ તકે સ્વ. કેશુભાઈ પટેલ નાં જીવન સંઘર્ષ ની યાદ અપાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. કાર્યક્રમ માં પધારેલ સમાજ અગ્રણીઓ સમક્ષ જાણીતા લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા અને દાદુભાઈ ગઢવી દ્વારા કાર્યક્રમ ને અનુરૂપ કેશુબાપા નાં જીવન વિશે તેમની આગવી શૈલી માં વાત મૂકવામાં આવી હતી. સ્મરણાંજલિ સભા માં ઉપસ્થિત રહેલ ખોડલધામ નાં આગેવાન હસમુખભાઈ લુણાગરિયા, દિનેશભાઈ બાંભણિયા, વિશ્વ ઉમિયા ધામ નાં ઉપ પ્રમુખ ડી.એન.ગોલ, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, સરદાર ધામ નાં આગેવાન જેન્તીભાઈ સરધારા, ગુજરાત રાજ્ય પછાત વિકાસ નિગમ નાં પૂર્વ ચેરમેન નરેન્દ્રભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર, પાટીદાર સમાજ અમદાવાદ નાં પ્રમુખ પૂર્વ ધારાસભ્ય જીતુભાઈ પટેલ, કેશુબાપા નાં નિકટના સ્નેહી અમોલભાઈ પટેલ, કેશુબાપા નાં પરિવાર તરફથી અશ્વિનભાઈ પટેલ, રાજકોટ શહેર કોંગ્રેસ નાં કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડીયા, આમ આદમી પાર્ટી નાં આગેવાન અને ખોડલ ધામ નાં ટ્રસ્ટી શિવલાલ બારસિયા, પૂર્વ રાજ્ય મંત્રી ગોવિંદભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. વલ્લભભાઈ કથીરીયા વગેરે દ્વારા તેમના કેશુબાપા સાથેના સંસ્મરણો વાગોળવામાં આવ્યા હતા. કાર્યક્રમ માં સભા સ્થળ પર કેશુબાપા, સરદાર પટેલ અને શિવાજી નાં વિશાળ કટ આઉટ અને સેલ્ફી પોઈન્ટ ગોઠવવામાં આવ્યા હતા. તમામ વક્તાઓ દ્વારા સ્વ. કેશુભાઈ પટેલ નાં બેદાગ રાજકીય જીવન અને તેમની ખેતી, ખેડૂત અને ગરીબ, દલિત, શોષિત જનતા પ્રત્યેની કટિબદ્ધતા ને યાદ કરવા માં આવી હતી. આજનાં રાજકીય પરિપેક્ષ્યમાં હવે કેશુબાપા જેવા નેતાઓ રહ્યા નથી આ બાબતે પણ વસવસો વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્મરણાંજલિ સભા માં કેશબાપા નાં જીવન સંઘર્ષ અને તેમની રાજકીય કેરિયર પર આધારિત જાણીતા પત્રકાર – લેખક દિલીપ પટેલ નાં પુસ્તક ધરતીપુત્ર કેશુભાઈ પટેલ નું ઉપસ્થિત મહાનુભાવો નાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ બાબતે પુસ્તકના પ્રકાશક ચિરાગ પટેલ દ્વારા પુસ્તક ની પ્રાસંગિકતા અને ભાવી આયોજનો બાબતે તેમના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આભારવિધિ જિગીષા પટેલ અને અશોકભાઈ દલસાણીયા દ્વારા કરવામાં આવી હતી. સ્વ . કેશુબાપા ની શ્રદ્ધાંજલિ સભામાં સર્વે સમાજ નાં આગેવાનો અને રાજકીય સામાજિક ક્ષેત્રના આગેવાનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં જેમાં એસપીજી અધ્યક્ષ કલ્પેશ રાંક, યુવી ક્લબ નાં ડાયરેક્ટર મુન્નાભાઈ ઘેટીયા, પૂર્વ ધારાસભ્ય અને પટેલ સમાજનાં આગેવાન ટપુભાઈ લિંબસિયા, જાણીતા રાજકીય અને સામાજિક અગ્રણી કિશોરભાઈ અદિપરા, વિઠલભાઈ ધડુક, ગોપાલભાઈ ભૂવા, રાજાભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મનોજભાઈ પનારા, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણી, વિપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, મુસ્લિમ એકતા મંચ નાં ઈમ્તિયાઝ પઠાણ, સામાજિક અગ્રણી જે.પી.જાડેજા, ગિરગંગા પરિવારના દિલીપભાઈ સખિયા, પ્રતાપભાઈ પટેલ, સોનલબેન ડાંગરિયા, કિસાન નેતા રમેશચંદ્ર પટેલ, જગદીશ ઠાકોર, સહિતનાં મિત્રો એ જહેમત ઊઠાવી હતી.

કાર્યક્રમ નાં સમાપન બાદ સભા સ્થળ સોરઠીયા ફાર્મ, બાપા સીતારામ ચોક, મવડી ખાતે આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના નાં સમર્પિત કાર્યકરો અને કારોબારી સભ્યોની મીટીંગ મળી હતી જેમાં બહુમતી થી જિજ્ઞેશભાઈ કાલાવડિયા ની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

## કોચીવલી- ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં રાજકોટ રેલવે પોલીસે દારૂના જથ્થા સાથે બેલડીને દબોચી લીધી

### દારૂની બોટલો વેચાણ અર્થે ગોવાથી લાવ્યાની કબૂલાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રેલવે પોલીસે દીવાળીન તહેવારોને લઈ ટ્રેનોમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. આ મામલે બાતમીને આધારે ભાવનગર રેલો જંકશન પર કોચીવલી- ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં તલાશી લેતા બે શખ્સો ટોપલેટમાં દારૂ સંતાડયો હતો. બન્ને ગોવાથી દારૂ લાવ્યા હોવાની કબુલાત આપતા બન્નેને ૪૪ દારૂની બોટલ જમ કરી હતી.



આ મામલે ગુનો નોંધવામાં આવ્યો હતો. મળતી વિગતો અનુસાર, રાજકોટ રેલવે એલસીબીના પીએસઆઈ જે.એમ. પરમાર, એએસઆઈ બલભદ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ અને રામજીભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમીને આધારે કોચીવલી–ભાવનગર એકસપ્રેસ ટ્રેનમાં તપાસ કરતા ભાવનગરના શિંહોરના હેમંત મનીષભાઈ મકવાણાને ૨૦ દારૂની બોટલ સાથે ઝડપી લીધો હતો. જેની પુછપરછમાં પોતે રેલવેના કોન્ટ્રાક્ટમાં સફાઈ કામદાર છે. તેમજ બીજા શખ્સ સંજય વિમલભાઈ સરવૈયા (ઉ.વ.૨૧) રહે. ભાવનગર સિંહોરમાં સ્વસ્તીક સોસાયટી શેરી નં. ૧) હોવાનું તેમની પાસેથી ૨૪ દારૂની બોટલ મળી આવી હતી. બન્ને શખ્સો ગોવા ફરવા ગયા બાદ ત્યાંથી દારૂની બોટલ વેચવા માટે ભાવનગર લઈ આપતા હતા અને પકડાઈ ગયા હતાં. સંજય રેલવેમાં કોચ એટેન્ડન્ટ હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

## આનંદનગરમાં ગોરખધંધા કરતા શખ્સને ટપારતા યુવાન પર ત્રીપુટીનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારિયા રોડ પર આનંદનગરમાં રહેતા શખ્સો ગેરપ્રવૃતિ કરતા હોવાની શંકાએ તેમને ટપારતા યુવાન પર ત્રણેયે છરી અને પાઈપ વડે હુમલો કરતા તેમને સારવારમાં ખસેડવામાં આવ્યો છે. તેમજ આ અંગે ભકિતનગર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

બનાવની વધુ વિગતો અનુસાર, આનંદનગર હાઉસીંગ બોર્ડના કર્વાટરમાં રહેતા હરીશભાઈ જેરામભાઈ પરમાર નામના યુવાને તેમના ઘર નજીક આવાસ કર્વાટરમાં રહેતા આશીફ હાસમ શાહમદાર, તેમનાભાઈ મોહસીન અને મુસ્તાક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

હરિશ પરમારે ફરિયાદમાં જણાવ્યું હતુ કે, આરોપીઓ તેમના કર્વાટરમાં



કોઈ ગેર પ્રવૃતિ કરતા હોવાની જાણ થતા તેઓને તેમના ધંધા બંધ કરવાનું કહેતા તેઓ ઉશ્કેરાયા હતા અને આસીફે છરી લઈ કાન પાસે છરકો કર્યા હતો. જ્યારે બીજા બન્નેએ ઢીકાપાટુ અને પાઈપ વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ભકિતનગર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

## ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ રાજકોટ દ્વારા ભાઈબીજના દિવસે સ્નેહ મિલનનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ દ્વારા દર વર્ષની માફક નવા વર્ષની શરૂઆતમાં દરેક જ્ઞાતિજનો એકાબીજાને હળે મળે અને નવા વર્ષની શુભ શરૂઆતમાં દરેક લોકોને શુભેચ્છાઓ આપે તેમજ વડીલો દ્વારા આર્શીવાદ આપવામાં આવે સમાજની દરેક વ્યકિતનું આવનારૂ નવુ વર્ષ તન,મન,ધન તેમજ શારીરીક, આર્થીક તેમજ આરોગ્યની દષ્ટીથી આવતું નવુ વર્ષ ખુબજ સારી રીતે પસાર થાય તેવી સમગ્ર સમાજ વતી પરમકુપાળુ પરમાત્મા, માં ભગવતી, તેમજ આપાગીગાના ચરણોમાં પ્રાર્થના કરવા માટે આપણે સૌ સાથે મળી ચા–પાણી–નાસ્તો કરી સમાજ માટે શુભેચ્છાઓનો વરસાદ વરસાવીશું.

આ સ્નેહ મીલન ભાઈબીજના શુભ દિને તા. ૩-૧૧-૨૦૨૪, રવિવારના રોજ શ્રી શ્યામવાડી ટ્રસ્ટ, ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે સમય સવારે ૯ કલાકે રાખવામાં આવેલ છે. આ સ્નેહમીલ સમારોમાં જ્ઞાતિ સમસ્ત દ્વારા સંચાલીત વિવિધ સમીતીઓમાં શ્રી શ્યામવાડી ટ્રસ્ટ, શ્રી મોહન માંડણ વિદ્યાર્થી ભવન સમીતી, સાંસ્કૃતિક અને રમતગમત સમીતી, વિદ્યાર્થી મંડળ સમીતી, શ્યામ મંદિર સમીતી તથા વિવિધ મંડળોના તમામ હોદેદારો તથા કારોબારી સભ્યો અને જ્ઞાતિના દરેક ભાઈઓ બહેનો, માતાઓ, વડીલો તથા નવયુવાનોને ઉપસ્થિત રહેવા માટે જ્ઞાતિ સમસ્ત દ્વારા ખાસ ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવે છે. ગુ.ક્ષ. કડિયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ દ્વારા હર હંમેશ વિવિધ પ્રકારની સમાજના ઉત્થાન માટેની સામાજીક, સેવાકીય, સંગઠનાત્મક વિગેરે અનેક પ્રકારના જેવુ કે સમાજ દ્વારા સમુહ લગ્નની પ્રવૃતિ, વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ–ચોપડા વિતરણ, ક્રિકેટ ટુર્નામેન્ટ, રાસગરબા મહોત્સવ વિગેરે પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવતુ હોય છે. ત્યારે આવનારા નુતન વર્ષમાં પણ દરેક જ્ઞાતિજનોને શુભેચ્છા પાઠવવા સાથે સાથે હળી મળીને એકબીજા સાથે વધુ ને વધુ સંગઠીત સમાજ બને તેવા ઉમદા હેતુ થી જ્ઞાતિ સમસ્ત દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ સુંદર સ્નેહ મીલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના બેડલા ગામે ૨૪ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

## પોરબંદર હાઈવે પર રેતી ચાળવાના પ્લાન્ટ માંથી ચોરી કરનાર બેલડી ઉપલેટા માંથી પકડાઈ







**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના બેડલા ગામે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે એક બુટલેગરને વિદેશી દારૂની ૨૪ બોટલ અને પોરબંદર હાઈવે પર રેતીના પ્લાન્ટમાંથી ચોરી કરનાર બેલડીને ગ્રામ્ય એલસીબી ની ટીમે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ ના પીએસઆઈ એમ કે મોવલીયા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ વિજયરાજ સિંહ તથા તુલસીભાઈ અને સંજયભાઈ સહિત નો સ્ટાફ રાજકોટના બેડલા ગામ તરફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ગામમાં રહેતો મનીષ રામજી સોરાણી નામનો બુટલેગર ઓટોરિક્ષામાં ૨૪ બોટલ વિદેશી દારૂની કિંમત રૂપિયા ૨૩,૪૯૬ ની લઈને નીકળતા પોલીસે કેનાલ રોડ પાસેથી દબોચી લઈ રિક્ષા સહિતનો મુદ્દા માલ કબજે કર્યો હતો. જ્યારે બીજા બનાવમાં ઉપલેટા પોરબંદર નેશનલ હાઈવે પર આવેલ રેતી ચાળવાના પ્લાન્ટ માંથી ચોરી કરનાર બે શખ્સો જોરાવ મુદ્દા માલ વેચવા નીકળ્યા હોવાની હકીકત મળતા ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઈ વીવી વડોદરા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ તથા કૌશિકભાઈ સહિતના સ્ટાફે ઉપલેટામાં આવેલ મંદિર ઓઈલ મીલ પાસે બાલા નરસિંહ મકવાણા રહે જુનાગઢ દોલતપરા તથા અશ્વિન રૂપે બબન મનસુખ સોલંકી નમનાથ બે શખ્સોને માલવાહક રિક્ષામાં જોરાઉ મુદ્દામાલ સાથે દબોચી લઈ રૂપિયા ૩૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે વધુ એક દરોડામાં શહેરની ભાગોળે વાવડી ગામ પાસે વસુંધરા એપાર્ટમેન્ટ મા રહેતો માનવ મંગલ ગોહેલ નામના શખ્સને વિદેશી દારૂ ભરેલી કાર સાથે દબોચી લઈ રૂપિયા ૫.૨૨ લાખનો મુદ્દા માલ કબજે કરી સપ્લાયર બુટલેગરની શોધ કોણે કરી છે.

# GPSCના નવા અધ્યક્ષ તરીકે IPS અધિકારી હસમુખ પટેલની નિમણુંક

## રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાતઃ ભરતી પધ્ધતિને નવી દિશા મળશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ના નવા અધ્યક્ષ તરીકે વરિષ્ઠ IPS અધિકારી હસમુખ પટેલની નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આ અંગેના આદેશો જાહેર કર્યા છે. આઈપીએસ કેડરના વરિષ્ઠ અધિકારી હસમુખ પટેલ આગામી સમયમાં GPSCના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળશે. તેમની નિમણૂંક સાથે GPSC નવા નેતૃત્વ મળશે, જે રાજ્યની વિવિધ સરકારી ભરતીઓ અને પરીક્ષાઓના સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમની આ નિમણૂંકથી રાજ્યની સરકારી ભરતી પ્રક્રિયાઓને નવી દિશા મળશે તેવી



અપેક્ષા છે. બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢના વતની અને વરિષ્ઠ IPS અધિકારી હસમુખ પટેલને ઓગસ્ટ ૨૦૨૩માં ગુજરાત સરકાર દ્વારા નવરચિત પોલીસ ભરતી બોર્ડના પ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના નેતૃત્વ હેઠળ બોર્ડે PSI અને LRDની મહત્વપૂર્ણ ભરતી પરીક્ષાઓનું સફળ આયોજન કર્યું છે. ૨૦૧૮થી તેઓ ગુજરાત રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં યુએન પીસ કીપિંગ ફોર્સ કોસોવોમાં સ્પેશ્યલ ડેપ્યુટેશન પર સેવા આપવાનો પણ સમાવેશ થાય છે. GPSCના ચેયરમેન તરીકે વરણી થતા હસમુખ પટેલે IPS અધિકારી તરીકેની જવાબદારીમાંથી મુક્ત થવું પડશે અને ટૂંક સમયમાં રાજીનામું આપશે. વિશેષ નોંધનીય છે કે, હાલ હસમુખ પટેલ લોકરક્ષક ભરતી બોર્ડના ચેયરમેન પણ છે, જે સમગ્ર રાજ્યમાં લોકરક્ષકની ભરતી પ્રક્રિયામાં માર્ગદર્શન આપે છે.

# રૈયા ગામે રિસામણે બેઠેલી પરિણીતાનો આપઘાતઃ સાસરિયા સામે ફરિયાદ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે રૈયા ગામે સાત મહિનાથી રિસામણે આવેલી પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાએ સાસરિયાના ત્રાસથી આ પગલું ભરી લેતા પોલીસે બગસરાના બાલાપુર ગામે રહેતા પતિ-સાસુ અને સસપા વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જાણવા મળથી વિગત મુજબ અમરેલી પંથકની પરિણીતા ઈલાબેન શીવરાજભાઈ વાળા (ઉ.વ.૩૦) હાલમાં રાજકોટ રૈયા ગામે રહેતા તેના પિતાના ઘરે રિસામણે આવી હતી. દરમિયાન ગઈકાલે સાંજે તેણીએ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક પરિણીતાના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા અને સાત મહિનાથી તેણી માવતરે રિસામણે આવી હતી. આ અંગે પોલીસે મૃતકના પિતા અનકભાઈ ધાંધલની ફરિયાદ પરથી પરિણીતાના પતિ શિવરાજ વાળા, સસરા રામકુ વાળા અને સાસુ મીણબેન વાળા વિરૂદ્ધ આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ સાસરિયાઓ દહેજની માંગણી કરી અવાર નવાર માનસીક ત્રાસ આપતા હતાં જેથી કંટાળી પુત્રીએ આ પગલુ ભરી લીધાનું જણાવ્યું હતું.

# રેસકોર્સ રીંગ રોડ પર દિવાળી કાર્નિવલના સ્થળે અકસ્માતોની હારમાળા

## ખાનગી બસની ઠોકરે કમાનનો કડુસલો, બોલેરોએ ટેમ્પરરી ગેઈટ તોડી નાખ્યો, સીપી બંગલો પાસે કાર સર્કલ ઉપર ચડી ગઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટમાં દિવાળીનો માહોલ બરાબરનો જામ્યો છે ત્યારે રંગીલી પ્રજા માટે રેસકોર્સ રીંગ રોડ ઉપર દિવાળી કાર્નિવલની ઉજવણીનો પ્રારંભ થયો છે આ કાર્નિવલના સ્થળે અકસ્માતોની હારમાળા સર્જાઈ છે જેમાં ખાનગી બસના ચાલકે કમાન, બહુમાળી ભવાન ચોકમાં બોલેરોએ ટેમ્પરરી ગેઈટ તોડી નાખ્યા છે જયારે સીપી બંગલો પાસે મોંઘીદાટ કાર સર્કલમાં ઘૂસી ગઈ હતી. જેમાં ગુનો નોંધાયો છે.

રેસકોર્સ રીંગ રોડ પોલીસ હેડ ક્વાટરના ગેઈટ સામે જી જે ૦૧ ડબલ્યુ પી ૮૭૭૫ નંબરની મોંઘીદાટ કારના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર સર્કલમાં ઘૂસી ગઈ હતી આ બનાવમાં ઘંટેશ્વર નજીક રહેતા અને ટ્રાવેલ્સમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા જયરાજભાઈ ખીમજીભાઈ ચીરોડીયા ઉ.૨૨એ અકસ્માત સર્જનાર કારચાલક ભાવેશ રણમલભાઈ દયાતર સામે પ્રનગર

પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારે સહ કર્મચારી ઈકબાલભાઈ અને ડ્રાયવર ભાવેશ આજી ડેમથી રૈયા ચોકડી ઓફિસે જવા નીકળ્યા હતા ભાવેશે કાબુ ગુમાવતા કાર સર્કલની પાળી તોડી ઉપર ચડી ગઈ હતી એરબેગ ખુલી જતા ત્રણેયનો બચાવ થયો હતો એએસઆઈ સી જે ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જયારે દિવાળી કાર્નિવલને લઈને જ બહુમાળી ભવન ચોકમાં આકર્ષક ટેમ્પરરી ગેઈટ બનાવવામાં આવ્યો છે અહીંથી સવારે દસેક વાગ્યે પસાર થતીલોડેડ બોલેરોમાં ઉપર રહેલો સામાન આ ગેઈટના ઉપરના ભાગે અથડાતા આખો ગેઈટ ધરાશાયી થઈ ગયો હતો જો કે કોઈ જાનહાની થઈ ન હતી આ ઉપરાંત ગઈકાલે ખાનગી કંપનીની બસ રીંગ રોડ ઉપરથી પસાર થતી હતી ત્યારે કમાન સાથે અથડાતા કમાન પણ નીચે પડી ગઈ હતી અને નુકશાન થયું હતું ફરજ પર હાજર પોલીસ કર્મચારીઓએ જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટ જેલમાં બંદીવાનોએ કર્યા યોગ-પ્રાણાયામ

જેલમાં બંધ કેદીઓની સલામતીની જાળવણી કેદીઓના જનજીવન દરમ્યાન તેમના માનસિક પરિવર્તન માટે તંદુરસ્તી માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.ત્યારે છેલ્લા ત્રણ દિવસથી રાજકોટ જેલમાં બંધ કેદીઓ માટે યોગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં રાજ્યની જેલોના વડા પોલીસ મહાનિદેશક ડો.કે.એલ.એન. રાવ નાઓને માર્ગદર્શન હેઠળ તેમજ રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈન ના નેતૃત્વ હેઠળ ધ આર્ટ ઓફ લિવિંગ રાજકોટની સંસ્થાના કુલ-૦૫ યોગ ટ્રેનર હમવમ તા. ૨૩/૧૦/૨૦૨૪ થી તા. ૨૬/ ૧૦/૨૦૨૪ સુધી રાજકોટ મધ્યસ્થ જેલમાં રહેલ બંદીવાનો માટે યોગ/ પ્રાણાયામ અને ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બહોળી સંખ્યામાં બંદિવાનો હાજર રહી ઉત્સાહપૂર્વક યોગ/પ્રાણાયામ અને ધ્યાન શિબિરનો લાભ લીધો હતો.આ કાર્યક્રમ દરમ્યાન જેલની શિસ્ત અને સલામતીને બંધ ન આવે તે રીતે સુચારૂરૂપે આયોજન કરવામાં આવ્યું હતુ.

# તત્કાલિન ડિસ્ટ્રિક્ટ ફાયર ઓફિસર અનિલ મારૂની રેગ્યુલર જામીન અરજી ફગાવાઈ



અગ્નિકાંડ બાદ લાંચકાંડમાં સપડાયેલા પૂર્વ ટીપીઓ સાગઠીયાના કરતુતોનો ભાંડો ફટ્યા બાદ ફાયર ઓફિસરની પણ વિવિધ પ્રકરણમાં સંડોવણી બહાર આવી હતી. સાગઠીયાની સાથે જ હળીમળીને ફાયર એનઓસી આપવામાં લાંચ લેતા અધિકારીઓની પણ ધરપકડ કરીને તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. આ દરમિયાન ભુજથી બોલાવીને નવા મુકાયેલા તત્કાલીન ડિસ્ટ્રિક્ટ ફાયર ઓફિસર (વર્ગ બે) અનિલકુમાર બેચરભાઈ મારૂ પણ રાજકોટ એસીબીના હાથે ૧.૮૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો હતો. પદ સંભાળતા જ ભ્રષ્ટાચારની વ્હેતી ગટરમાં હાથ ધોઈ લેવા તેણે કરેલા કારસાને એ.સી.બી.એ નિષ્ફળ બનાવ્યો હતો અને તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. આ બનાવથી પણ ભારે ચર્ચા મચી ગઈ હતી. આજરોજ તેણે કરેલી રેગ્યુલર જામીન અરજી રાજકોટની સ્પેશિયલ કોર્ટે ફગાવી દીધી છે. હવે મારૂ ની દિવાળી જેલમાં જ વિતશે.

# જેતપૂર પાસે ગોડાઉન માંથી રૂ.૧૧.૭૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

જેતપુર તાલુકા પોલીસે પૂર્વે બાતમીને આધારે જેતલસર ચોકડી પાસે એક ગોડાઉનમાં છાપો મારી ૫૯૪૦ અંગ્રેજી દારૂની બોટલ કિંમત રૂપિયા ૧૧,૭૬,૩૭૨નો દારૂ પકડી પાડયો હતો. તાલુકા પોલીસના દિવાળી નિમિતે આજે પેટ્રોલીંગ દરમિયાન તાલુકા પીઆઈ અજીતસિંહ હેરમા, એએસઆઈ ભૂરાભાઈ માલિવાડ અને હેડ કોન્સ્ટેબલ અજિતભાઈ ગંભીરને અંગ્રેજી દારૂ અંગેની બાતમી મળી હતી. મળેલ બાતમીને આધારે બાતમીવાળા સ્થળ જૂનાગઢ રોડ જેતલસર ચોકડી પાસે જલસાગર પેટ્રોલપંપની બાજુમાં આવેલ એક ગોડાઉનમાં છાપો માર્યો હતો. છાપો મારતા બાતમીમાં મળેલ હકીકત ખરી નીકળી હતી અને પોલીસને આશા કરતા અનેકગણો દારૂનો ખૂબ મોટો જથ્થો મળી આવ્યો હતો. તાલુકા પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી પોલીસ સ્ટેશને લાવી ગણતરી કરતા જુદીજુદી બાન્ડની ૫૯૪૦ બોટલ મળી આવી હતી જેની કુલ કિંમત ૧૧,૭૬,૩૭૨ રૂપિયાની થવા પામે છે. પકડાયેલ દારૂ અંગે ગોડાઉન માલીક ધવલ રસિકભાઈ સાવલિયા વિરુદ્ધ પ્રોહીબિશન હેઠળ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ગોંડલ નજીક બાઈક પરથી ફંગોળાઈ જતા પતિની નજર સામે પત્નીનું મોત



ગોંડલ રાજકોટ નેશનલ હાઈવે પર ટોલનાકા નજીક વહેલી સવારે સ્લીપ થયેલા બાઈક પર થી ફંગોળાયેલા મહીલા નાં માથા પર પાછળથી ધસમસતી આવી રહેલી લકઝરી બસ નાં વ્હિલ ફરી વળતા મહીલાનું ઘટના સ્થળે મોત નિપજયું હતું.જ્યારે મહીલા નાં પતિ ઈજાગ્રસ્ત બન્યાં હતા.બનાવ નાં પગલે તાલુકા પોલીસ દોડી આવી હતી. અને ઈજાગ્રસ્ત ને ગોંડલ સારવાર માં ખસેડી મહીલાનાં મૃતદેહ ને સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. રાજકોટ નાં આંબેડકર નગર માં રહેતાં પ્રવિણભાઈ કાળાભાઈ રાઠોડ ઉ.૪૫ તથા તેના પત્નિ રસીલાબેન ઉ.૪૦ વહેલી સવારે બાઇક પર જેતપુર ખરખરા નાં કામે જઈ રહ્યા હતા.ટોલનાકા નજીક રામદેવ હોટલ સામે આગળ જઈ રહેલી રીક્ષા ચાલકે અચાનક કાવો મારતા બાઇક સ્લીપ થતા બાઈક પર બેઠેલા પ્રવિણભાઈ તથા તેમનાં પત્નિ રોડ પર ફંગોળાયા હતા.આ જ સમયે રાજકોટ તરફ થી ઉપલેટા જઈ રહેલી એઆર ૦૧ડ ૧૧૦૦ નંબર ની પુરપાટ વેગે ધસી આવેલી તીર્થ ટ્રાવેલ્સ ઉપલેટા ની લકઝરી બસ નાં તોતિંગ વ્હીલ રસીલાબેન નાં માથા પર ફરી વળતા તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું.જ્યારે પ્રવિણભાઈ ને સામાન્ય ઈજા પંહોચી પ્રવિણભાઈ કડીયાકામ કરેછે.સંતાન માં બે દિકરીઓ અને એક દિકરો હોવાનું જાણવાં મળેલ હતું.

# મનપાની પાઈપ લાઈન ચોરી કરતાં વેપારી સહિત ચાર ઝડપાયા

## ખોખડદળ નદીથી દેવપરા સુધી પાઈપલાઈન નાખતા કોન્ટ્રાકટરે રૂા.૨.૮૦ લાખની ચોરીની ફરિયાદ કરી'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ખોખડદળ નદીથી દેવપરા સુધી ડી. આઈ. બીડ પાઈપલાઈન નાખવાના કોન્ટ્રાકટમાં રૂા.૨.૮૦ લાખની કિંમતની પાઈપલાઈન ચોરી થઈ હોય જેનો ભેદ ભક્તિનગર પોલીસે ઉકેલી નાખી આ મામલે ચાર શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. ઝડપાયેલા શખ્સોએ મહાનગરપાલિકાના પાઈપલાઈનની ચોરી કરી બરોબાર વેંચી નાખી હતી. મળતી વિગતો મુજબ, મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધવવામાં આવી હતી. જેમાં જણાવ્યા મુજબ, મહાનગરપાલિકા દ્વારા ખોખડદળ નદીથી દેવપરા સુધી પાઈપલાઈન નાખવાનો કોન્ટ્રાકટ મળેલ હોય જેમાં દેવપરા મેઈન રોડ પર શ્રમશ્રદ્ધા ચોકથી આગળ સરદાર આરોગ્ય કેન્દ્ર પાસે જીન્દાલ કંપનીના ડી.આઈ. બીડ જેવા આશરે ૫૦૦ એમ.એલ.ના ગોળાકરા દસ પાઈપ રાખેલ હોય તેમાંથી રૂા.૨.૮૦ લાખની કિંમતના પાંચ પાઈપ ચોરી થયા હતા. આ મામલે ભક્તિનગર પોલીસ મથકના પી.આઈ. મયુરધ્વજસિંહ સરવૈયા અને તેમની ટીમે તપાસ કરતા ચાર શખ્સો આ ચોરીની પાઈપ લાઈન વેચવા આવ્યા હોવાની બાતમીના આધારે લોથળા ગામના યુવરાજસિંહ સહદેવસિંહ ગોહિલ તેમજ બાબરીયા કોલોનીના અરબાઝ અજીતભાઈ પતાણી, લેઉવા પટેલ સોસાયટી શેર નં.૨માં રહેતા જંગેશ્વરમાં રહેતા નવાઝભાઈ યુસુફભાઈ સવાણ અને મહમદીબાગ પરીના ફર્નીચાર પાછળ ગોંડલ રોડ પર રહેતા અમીનભાઈ જુસબભાઈ દોઢીયાની ધરપકડ કરી હતી. પૂછપરછમાં જાણવા મળ્યુ કે, અમીન જુસબ દોઢીયા પાસેથી નોટરી લખાણ તથા વજન ચીઠ્ઠી મળ આવી હતી. જે બાબતે પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, પંદર દીવસ પહેલા તેણે તથા તેના મિત્ર નવાઝ અને અરબાઝ તેમજ યુવરાજસિંહે પાઈપની ચોરી કરી વેંચવા માટે આવેલ હતા. ચોરી કરનાર અને ચોરીના પાઈપ ખરીદનાર વેપારીને ઝડપી લઈ વિશેષ પૂછપરછ કરી રૂા.૧.૮૦ લાખ રોકડા કબ્જે કર્યા હતા. પી.આઈ. મયુરધ્વજસિંહ સરવૈયા સાથે પી.એસ. આઈ. જે.જે.ગોહિલ તથા પી.એસ. આઈ. એમ.એન.વસાવા તથા સ્ટાફના પુષ્પરાજસિંહ, રાજદિપસિંહ જાડેજા, પ્રકાશભાઈ અને કુલદિપસિંહએ કામગીરી કરી હતી.

# નાણાવટી ચોક પાસે હત્યાની કોશિષના ગુનામાં આરોપીને જામીન મુક્ત કરતી હાઈકોર્ટ

■ યુવાન ઉપર સળગતી દીવાસળી ફેંકી ઝઘડો કરી છરીથી હુમલો કર્યો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નાણાવટી ચોકમાં નજીવા પ્રશ્ને થયેલી મારમારીમાં નોંધાયેલા ખુનની કોશીષના ગુનામાં આરોપીને જામીન મુક્ત કરવા હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. આ કેસની હકિકત મુજબ મૂળ વેરાવળના મંડોરગામના વતની અને હાલ રાજકોટમાં રૈયા રોડ ઉપર આલાપગ્રીન સીટી પાછળ જીવન શાંતી સ્કુલ પાસે રહેતા ફરીયાદી હિરેનભાઈ કાનાભાઈ ડોડીયા નાણાવટી ચોક પાસે પાન નામની દુકાને ફાકી ખાવા માટે ગયા હતા. ત્યારે આરોપી સુમિત ઉર્ફે સુજલ મનુભાઈ સોલંકી, જેનીશ મહાજન અને સુનીલ ટોયટા પણ ત્યાં દુકાન ઉપર હાજર હતા. તે દરમ્યાન જેનીશ મહાજને સીગરેટ સળગાવી દિવાસળી સળગાવી ફરીયાદી ઉપર ફેંકેલ ત્યારે ફરીયાદીએ પુછેલ શુ થયુ ભાઈ? તો ફરી પાછી દિવાસળી સળગાવી ફરીયાદી ઉપર ફેંકેલ ત્યારે આમ ના કરવા સમજાવતા ફરીયાદીને ગાળો આપી ફરીયાદી સાથે હાથાપાઈ કરી છરી વડે હુમલો કર્યો હતો. જે અંગે ફરીયાદીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ધ્વારા આરોપીની અટકાયત કરી જેલ હવાલે કર્યા હતા. ત્યારબાદ આરોપી દ્વારા સેસન્સ કોર્ટમાં કરવામાં આવેલી જામીન અરજી નામંજુર હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ઉચ્ચ અદાલતના રજુ રાખેલ ચુકાદા ધ્યાને લઈ હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ હર્ષ રોહીતભાઈ ઘીયા, કેતનભાઈ બેલડીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# એ.જી. સોસાયટીના યુવાનના ચકચારી હત્યા કેસમાં રાજભા જાડેજાનો નિર્દોષ છુટકારો

## જમીનના વિવાદમાં અપહરણ બાદ ખૂન કરી લાશ ફેંકી દેવાના કેસમાં ધરપકડ થઈ હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર વર્ષ ૨૦૨૩ માં જમીનના મામલે ગરાસીયા યુવાન નું અપહરણ કરી માર મારી મોતને ઘાટ ઉતારી માધાપર ગામ નજીક રેલવે ફાટક પાસે લાશને ફેંકી દેવાના ગુનાનો ચકચારી કેસ ચાલી જતા રાજકોટની અદાલતે રાજભા સતુભા જાડેજા ને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરના કાલાવડ રોડ એજી સોસાયટીમાં રહેતા જયપાલસિંહ કિશોરસિંહ ઝાલા નામના યુવાનનું ૭/૫/૧૩ના. રોજ કોઠારીયા રોડ પર નીલકંઠ સિનેમાની સામે રહેતા રાજભા સતુભા જાડેજા નામના શખ્સે અપહરણ કરી માર મારી મોતને



ઘાટ ઉતારી લાશને માધાપર ગામ નજીક રેલવે ફાટક પાસે ફેંકી દીધાની મૃતકના પિતા કિશોરસિંહ નવલસિંહ જાડેજાએ માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મૃતક જયપાલસિંહ ઝાલા અને રાજેન્દ્રસિંહ સતુભા જાડેજાને પડધરી તાલુકાના નારણકા ગામની જમીનના વિવાદમાં જયપાલસિંહ ઝાલાનુ કાલાવડ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિર પાસેથી અપહરણ કરી માધાપર ગામ નજીક ગોંધી રાખી માર મારી મોતને ઘાટ ઉતારી રેલવે ફાટક પાસે લાશને ફેંકી દીધાનું ખુલતા પોલીસે રાજભા સતુભા જાડેજાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતુ.

બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી દ્વારા ગંભીર પ્રકારનો ગુનો હોવાથી આરોપી છોડી શકાય નહીં જ્યારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં એક જ આરોપી કાવતરું ઘડવું, અપહરણ કરવું, માર મારી અને મોતને ઘાટ ઉતારી લાશને ફેંકી દેવીએ એક વ્યક્તિ દ્વારા શક્ય નથી તેમજ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓ રજુ કરવામાં આવ્યા હતા. ભચાવ પક્ષની દલીલ અને ચુકાદાઓથી સહમત થઈ અધિક સેશન્સ જજ શર્માએ આરોપી રાજભા સતુભા જાડેજાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે પી.એમ. શાહ લો ફર્મના એડવોકેટ પિયુષભાઈ શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીતેશભાઈ કથીરિયા, નિવિદભાઈ પારેખ, હર્ષિલભાઈ શાહ, જીતેન્દ્રભાઈ ધૂળકોટિયા, વિજયભાઈ પટગીર, ચિરાગભાઈ શાહ, આસિસ્ટન્ટ તરીકે રવિરાજભાઈ વાળા, ચિરાગભાઈ સંચાણિયા, વિમલ એચ. ભટ્ટ, મનિષ સી. પાટડીયા, પી.જી. મૂલીયા, એ.એચ. કપાસી, ઋષિલ દવે રોકાયેલા હતા.

# રાજસ્થાનથી ભાવનગર જતો રૂા. ૨૩.૯૦ લાખનો દારૂ SMCની ટીમે પકડ્યો

## ધોળકા હાઈવે પર ટ્રક ચાલકને દબોચી લઈ કુલ રૂા. ૩૩.૯૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ-ધોળકા હાઈવે પર સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ભાવનગર જતાં ટૂંકમાંથી રૂા. ૨૩.૯૦ લાખની કિંમતની ૫,૬૬૧ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. રાજસ્થાનના ટ્રક ચાલકની ધરપકડ કરી પુછપરછ કરતા આ દારૂ રાજસ્થાનથી ભાવનગર લઈ જવાતો હોવાનું તપાસમાં ખુલ્યું છે. સ્ટેટ મોનીટરીંગ સેલે તપાસ કરતા ટેન્કરમાં ચોરખાનુ બનાવી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાનું સામે આવ્યોહતો. દારૂ મોકલનાર, મંગાવનાર સહિત ત્રણની શોધખોળ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ અમદાવાદ-ધોળકા હાઈવે પર સ્ટેટમોનીટરીંગ



સેલની ટીમે બાતમીના આધારે દરોડો પાડયો હતો. જેમાં અમદાવાદ ધોળકા હાઈવે પર ટેન્કર નં. જીજે-૯-ઝેડ- ૩૩૧૨માં ચોરખાનુ બનાવીને છુપાવેલો રૂા. ૨૩.૯૦ લાખની કિંમતનો ૫,૬૬૧ બોટલ દારૂ ઝડપી પાડયો હતો. ટેન્કરના ચાલક રાજસ્થાનના ઉદયપુરના દુદાર ગામના સુરેશ ભીમજી શાલવીની ધરપકડ કરી પુછપરછ કરતા આ દારૂનો જથ્થો રાજસ્થાનના ઉદયપુરના ચવાન ગામના રણજીતસિંગ નામના શખ્સે મોકલ્યો હતો અને ભાવનગરના બુટલેગરે આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો તેમજ એસએમસીએ ટેન્કરના માલીક સહિત ત્રણ સામે ગુનો નોંધી ૨૩.૯૦ લાખનો દારૂ તથા ટેન્કર સહિત રૂા. ૩૩.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સ્ટેટ મોનેટરીંગ સેલના ડીઆઈજી નિર્લિમરાય સાથે ડીવાયએસપી કે.ટી. કામરિયાની સુચના અને માર્ગદર્શન હઠળ સ્ટેટમોનેટરીંગ સેલના પીએસઆઈ જે.બી. બારોટ અને તેમની ટીમે કામગીરી કરી હતી.